






(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પાલનપુર શહેરના ૪૧૦૦ વિદ્યાર્થીઓએ ડ્રાઈવિંગ લાઈસન્સ પ્રાપ્ત કર્યા

બનાસકાંઠા જીલ્લામાં આર.ટી.ઓ કચેરી એ ચાલતા વિદ્યાર્થીઓ માટેના ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પને બિરદાવી દરેક જીલ્લાના આરટીઓ અધિકારી ને વિદ્યાર્થીઓ માટેના લાઈસન્સ કેમ્પ નું આયોજન કરવા રાજયના વાહન વ્યવહાર કેબીનેટ મંત્રી શ્રી અને રાજય ક્ક્ષાના મંત્રી નું સૂચન સુચન. વિદ્યાર્થીઓ ના હિતમાં, કાયદાનો ભંગ કર્યા વગર વાહન ચલાવે એ હેતુથી સમય અને પૈસા નો બગાડ કર્યા વગર લાઈસન્સ મેળવે એ હેતુથી આજ રોજ પાલનપુર શહેર ની લગભગ તમામ શાળા કોલેજના થઈ લગભગ ૪૧૦૦ વિદ્યાર્થીઓ એ લાઈસન્સ -ાપ્ત કર્યા છે. ગુજરતા રાજય માં સૌ -થમ બનાસકાઠા માં વિદ્યાર્થીઓ માટે આયોજિત એવા લાઈસન્સ કેમ્પ ની નોધ લઈ તા ૧૫/૧૨ ના રોજ ગાંધીનગર મુકામે દરેક જીલ્લા ના આરટીઓ અધિકારી શ્રી ની વાહન વ્યવહાર મંત્રી શ્રી વિજય રુપાણી ની અધ્યક્ષતા માં મળેલ બેઠક માં બનાસકાંઠા જીલ્લામાં આર.ટી.ઓ કચેરી એ ચાલતા વિદ્યાર્થીઓ માટેના ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પને બિરદાવી દરેક જીલ્લાના આરટીઓ અધિકારી ને વિદ્યાર્થીઓ માટેના લાઈસન્સ કેમ્પ નું આયોજન કરવા રાજયના વાહન વ્યવહાર કેબીનેટ મંત્રી શ્રી અને રાજય ક્ક્ષાના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી એ સૂચન કર્યુ હતું.જેમાં બનાસકાઠા જીલ્લા આર.ટી.ઓ કચેરી ના ઈન્ચાર્જ આરટીઓ અને પાલનપુર -ાંત અધિકારી શ્રી જે.બી દેસાઈ પણ હાજર હતા. આજ રોજ યોજાયેલ કેમ્પ માં કેમ્પના આયોજક શ્રી હરેશ ચૌધરી,સાગર જાની તથા જીલ્લા ના એ.આર.ટી ઓ શ્રી રાઠોડ શ્રી દડૂક ,પાલનપુર જીલ્લા ટ્રાફિક પીએસઆઈ શ્રી ધ્લસાણીયા હાજર રહી વિદ્યાર્થીઓના લાઈસન્સ માટેની કામગીરી કરેલ હતી.



# કેન્દ્રિય વિદ્યાલયના વાર્ષિકોત્સવમાં ૭ એવોર્ડ જીત્યા

હિંમતનગરની કેન્દ્રિય વિદ્યાલયમાં ધોરણ-૭માં અભ્યાસ કરતા વાસવદત્ત અશોકકુમાર પ્રણામીને શાળાના વાર્ષિકોત્સવમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીના હસ્તે એવોર્ડ અપાયો હતો. વાસવદત્તે કુલ ૭ પ્રમાણપત્રો અને ઈનામો મેળવ્યા હતા. જેમાંથી ૫માં તેનો પહેલો નંબર હતો. શાળા પરીવાર અને કુટુંબીજનોએ વાસવદત્તને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# પાલનપુરમાં એલ.સી.બી.એ બે મોબાઈલ ચોર ઝડપ્યા

પાલનપુર, તા.૨૧

પાલનપુર એલ.સી.બી. પોલીસે આજે પાલનપુરમાંથી બાતમીના આધારે બે ચોર ઈસમોને ઝડપી પાડયા હતા અને તેમની પાસે રહેલ મુદ્દામાલ કબજે કરી બંને આરોપીઓને વધુ તપાસ માટે થરાદ પોલીસને સોંપવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં ઘરફોડ ચોરી, વાહન ચોરી અને મિલકત સંબંધિત ચોરીઓના ગુનામાં વધારો થતા તેને અટકાવવામાટે જિલ્લા પોલીસ વડા ડી.બી. વાઘેલાએ પોલીસની ટીમને સૂચન કર્યુ હતું. આથી જિલ્લા એલસીબીના પી.આઈ. એ.એચ. ચૌધરીએ પોતાની ટીમના માણસોને સાથે રાખી પાલનપુર સહિત જિલ્લાના અનેક ઠેકાણે સંઘનું ચેકીંગ અને તપાસ હાથ ધરી હતી. દરમિયાન જિલ્લા એલસીબી ટીમને બાતમી મળી હતી કે બે ઘરફોડ ચોર ઈસમો પાલનપુરમાં આવ્યા છે. જે બાતમીના આધારે ટીમે પાલનપુરમાંથી સેધુભા ઉર્ફે ટીનીયો બચુજી જાદવ (રહે. ધારીસણા, તા. ડીસા) વનરાજ મેતુસિંહ જાદવ (રહે. ધારીસણા, ડીસા)ની અટકાયત કરી હતી. પુછપરછ કરતા બે માસ અગાઉ ડીસા-થરાદ હાઈવે પર પેટ્રોલ પંપ પરથી મોબાઈલ અને રોકડ રકમની ચોરી કર્યાની કબુલાત કરી હતી આથી પોલીસે રૂ.૧૫૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન કબજે કર્યા હતા.

# તલોદમાં ખેડુતોએ કપાસ-ડાંગરની હોળી કરી

તલોદ, તા.૨૧

તલોદમાં પોષણક્ષમ ભાવ નહીં મળતા ઉશ્કેરાયેલા ખેડુતોએ માર્કેટ યાર્ડ આગળ કપાસ અને ડાંગરના પાકની હોળી કરી હતી. શનિવારે યોજાયેલ કૃષિ મહોત્સવ દરમિયાન સ્થાનિક ધારાસભ્ય અને અન્ય ખેડૂતો, આરોગ્ય મંત્રીને આવેદનપત્ર આપવા આવ્યા હતા પરંતુ કાર્યક્રમ શરુ થાય તે પહેલા પોલીસ તંત્ર દ્વારા ધારાસભ્ય તથા અન્ય કાર્યકર્તાને જબરજસ્તીથી પકડી લઈ પાંજરાવાનમાં ધકેલી દીધા હતા.

તલોદમાં શનિવારે માર્કેટ યાર્ડ ખાતે પ્રાંતિજ અને તલોદ તાલુકાનો રવિ કૃષિ મહોત્સવ યોજાયો હતો જેમાં ખેડુતોને કપાસ, મગફળી, ડાંગર સહિત અન્ય પાકોના પોષણક્ષમ ભાવ મળે તે માટે સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા કિસાનસંઘ અને કોંગ્રેસના કાર્યકરોએ આવેદનપત્ર આપવાનો નિર્ણય કર્યો હતો અને તેઓ માર્કેટયાર્ડ ખાતે આવી પહોંચતાની સાથે જ પોલીસે જબરદસ્તી કરીને ધારાસભ્ય તથા ૬૦થી વધુ કાર્યકરો અને ખેડૂતોને પોલીસ વાનમાં બેસાડી દીધા હતા.

જોકે ધારાસભ્ય એ આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરે ત્યારે આવેદનપત્ર આપીશું તેવો આગ્રહ રાખ્યો હતો પરંતુ પોલીસે તેમની માંગણી સ્વીકારી ન હતી ત્યારબાદ ખેડૂતોએ માર્કેટ યાર્ડ આગળ દરવાજા પાસે કપાસ અને ડાંગરના પાકની હોળી કરી હતી.

કૃષિ મહોત્સવમાં સાંસદ દિપસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ પી.સી. પટેલ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, વી.ડી.ઝાલા, જયેન્દ્રસિંહ રાઠોડ, હિતેશભાઈ પટેલ સહિત અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં ૧૭૨ લાભાર્થીઓને રૂપિયા ૩૫ લાખના સહાયના ચેકોનું વિતરણ કરાયું હતું.

કૃષિ મહોત્સવ દરમિયાન માર્કેટ યાર્ડ ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ, ગજેન્દ્રસિંહ તથા અન્ય ડીરેકટરોની ઉપસ્થિતિમાં તાલુકાની આંગણવાડી કેન્દ્રના બાળકો માટે ૧ કિલો મગ આપવાની જાહેરાત કરાઈ હતી.

કૃષિ મહોત્સવ દરમિયાન તલોદ માર્કેટ યાર્ડમાં સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલ તથા મુળી બહેન હરીભાઈ પટેલની શાખા તરફથી બનાવાયેલ પંખી ઘરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# બનાસકાંઠામાંથી બાઈક ચોરતો શખ્સ ઝડપાયો : ૩ બાઈક કબ્જે લેવાયા

પાલનપુર, તા.૨૧

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી બાઈક ચોરીઓના કેસોમાં વધારો થયો છે. દિન પ્રતિદિન વધતા જતા બાઈકચોરીના ગુનાઓને અટકાવવા માટે જિલ્લા પોલીસવડા ડી.બી. વાઘેલાની સૂચના આધારે એલસીબી પી.આઈ. એ.એચ. ચૌધરી તથા સ્ટાફના મોહનસિંહ, રણજીતસિંહ, અમરાભાઈ, ગણપતભાઈ, પ્રકાશભાઈ, રઘુવીરસિંહ, બળવંતસિંહ, મહેશભાઈ વિગેરે છાપી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન ખાનગી રાહે મળેલ માહિતી આધારે સિધ્ધપુર તરફથી હીરો હોન્ડા મોટરસાયકલ પર આવી રહેલ કેતનકુમાર ઉર્ફે કિર્તનકુમાર વસંતલાલ પટેલ (મૂળ રહે. રાધનપુર ગોગોશેરી, તા. રાધનપુર, હાલ રહે. જવાહર સોસાયટી, શિહોરી તા. કાંકરેજ) વાળાને શંકા આધારે પકડી તેની પાસેના મોટર સાયકલના સાધનિક કાગળોની માંગ કરતાં તે ગલ્લા તલ્લા કરવા લાગેલો અને સંતોષકારક જવાબ ન આપી શકયો જેથી આ શખ્સની વિશેષ પુછપરછ હાથ ધરવામાં આવતા ઉપરોકત કેતનકુમાર ઉર્ફે કિર્તનકુમાર વસંતલાલ પટેલ નામના શખ્સે અન્ય બે મોટર સાયકલોની મહેસાણાથી ચોરી કરી હોવાની તેમજ તેની પાસેનું મોટર સાયકલ પણ ચોરીની હોવાની કબૂલાત કરી હતી. જે મોટર સાયકલો પૈકી એક મોટર સાયકલની અમદાવાદ શહેર કાગડાપીઠ પોલીસ સ્ટેશને અને બીજા બે મોટર સાયકલની ચોરીના ગુનાઓ પણ મહેસાણા બી ડીવીઝન પોલીસ સ્ટેશને નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોલીસે તેની અટકાયત કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# બનાસ ડેરી ખાતે વિવિધ તાલીમોનો સમાપન સમારોહ યોજાયો

ગલબાભાઈ ડેરી સહકારી તાલીમ કેન્દ્ર, બનાસ ડેરી ખાતે પશુપાલનને લગતી વિવિધ તાલીમોના વર્ગોનું આયોજન કરવામાં આવે છે. જેમાં કૃત્રિમ વીર્યદાન-૪૦ દિવસ, રાશન બેલેન્સીગ-૧૦ દિવસ, કૃ. વિ. નવચેતન-૨ અને ૫ દિવસ, -ગતિશીલ દુધુત્પાદક વિકાસ તાલીમ-૬દિવસ, કર્મચારી મોટીવેશન, ફાર્મર ઈન્ડકશન વગેરેનો સમાવેશ થાય છે. વળી,ગુજરાતના માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જયારે આ વર્ષને મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે જાહેર કરેલ છે તેને ધ્યાને રાખીને મહિલાઓ માટે વિવિધ તાલીમ વર્ગોનું આયોજન કરવામા આવેલ હતું. જેમાં ગુજરાતમાં સૌ -થમ વાર કૃત્રિમ વીર્યદાન અને પશુ -ાથમિક સારવાર તાલીમ ( તા. ૧૧-૧૧-૨૦૧૪ થી તા. ૨૦-૧૧-૨૦૧૪) માહી મિલ્ક ને. કું. રાજકોટની બહેનો માટે, સમતોલ પશુ-આહાર તાલીમ (તા.૧૦-૧૨-૨૦૧૪ થી ૨૦-૧૨-૨૦૧૪) સેવા સંસ્થા, રાધનપુરની બહેનો માટે તથા વ્યાવસાયિક પશુપાલન તાલીમ (તા.૧૬-૧૨-૨૦૧૪ થી ૨૦-૧૨-૨૦૧૪) બનાસકાંઠાની ૪૦ -ગતિશીલ દૂધ ઉત્પાદક બહેનો માટે ગોઠવવામાં આવી હતી , જેમાં તાલીમ કેન્દ્રના નિષ્ણાંત ડોકટરો દ્વારા વર્ગખંડ અને -ાયોગિક તાલીમો આપી હતી . આ તાલીમ વર્ગોનો સમાપન સમારોહ બનાસ ડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળની અધ્યક્ષતામાં તા. ૨૦/૧૨/૨૦૧૪ ના રોજ યોજાયો.

સમારોહની શરૂઆત ધ્યાન અને -ાર્થનાથી કરવામા આવી હતી. ડેરી હસબન્ડરી વિભાગના મેનેજર ડૉ. હરિભાઈ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી તાલીમ કેન્દ્ર દ્વારા અપાતી તાલીમોની વિગતો અને -વૃત્તિઓનો ચિતાર આપતા જણાવેલ કે, પશુપાલનમા મહિલાઓનો હિસ્સો મુખ્ય હોવાથી ચેરમેનશ્રીનો આગ્રહ મહિલાઓને તાલીમ આપી સ્વનિર્ભર બનાવવાનો છે અને તે હેતુ માટે જ આ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામા આવ્યું છે.

તાલીમકેન્દ્રમાં ચાલતી કેટલીક -વૃત્તિઓ, તાલીમ દરમ્યાન વર્ગ ખંડનું શિક્ષણ, -ેક્ટીકલ કરતા, કોમ્પ્યુટર ઓપરેટ કરતા તાલીમાર્થીઓ તથા ફ્રી અવર્સમાં યોગ અને વિવિધ આઉટડોર રમતો રમતા તાલીમાર્થીઓ વગેરે બાબતોનો સ્લાઈડ શો અને વિડીયો રજુ કરવામાં આવ્યો હતો. વિવિધ તાલીમોના તાલીમાર્થીઓએ પોતાના -તિભાવ આપતા જણાવેલ કે તાલીમ કેન્દ્ર દ્વારા અપાતી તાલીમ ડાણ પૂર્વકના ટેકનીકલ જ્ઞાનની સાથે જીવન ઉપયોગી જ્ઞાન પણ રસાળ શૈલીમાં પીરસ્યું હતું, જે અમોને જીવનભર ઉપયોગી થશે.

આ સમાપન સમારોહના -ાસંગિક -વચનમા સંઘના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય કરમચંદાનીએ તમામ તાલીમાર્થીઓને બિરદાવવાની સાથે તેમના જીવનમાં -ગતિ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. સમાપન સમારોહના અધ્યક્ષ સ્થાનેથી ઉદબોધન કરતા ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે બહેનોને પશુપાલનને લગતી તાલીમોમાં રસપૂર્વક જોડવા બદલ ધન્યવાદ પાઠવતા જણાવેલ કે, બહેનો ઘણા બધા કામો ચીવટ પૂર્વક કરતી હોય છે અને તાલીમબદ્ધ મહિલાઓ આ ધંધામાં જોડાતા દૂધનું ઉત્પાદન અને સંપાદનમાં પણ નોંધપાત્ર વધારો થશે. તેમણે વધુમાં વધુ મહિલાઓ તાલીમ લેવા આવે તેવો અનુરોધ કરતા કહ્યું હતું કે, દરેક જિલ્લામાં હવેથી કૃ. વી. ની તાલીમમાં બહેનો જોડાઈને પશુ સંવર્ધનના કાર્યમાં સહભાગી બને અને સાથે સાથે તેઓ પણ પગભર થાય તે જરૂરી છે.

સદર સમાપન સમારોહમાં સેવા સંસ્થા, પાટણના કો-ઓર્ડીનેટર શ્રીમતી સાયરાબેન; કબીર આશ્રમ પાલનપુરના મેનેજીંગ ટ્રસ્ટી માનનીય સરલાબેન, ડેરીના ઉચ્ચ અધિકારીઓ તથા ડેરીની મહિલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# માલણમાં જુગાર રમતા આઠ જુગારી નબીરાઓ ઝબ્બે



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૧

પાલનપુર તાલુકાના માલણ ગામમાં જુગાર રમાતો હોવાની બાતમી આધારે તાલુકા પોલીસે રેડ કરતાં જુગાર રમતાં આઠ જુગારીઓને પોલીસે જુગાર સાહિત્ય અને રોકડ રકમ સાથે ઝડપી લઈ તાલુકા પોલીસ મથકે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં જુગારીયા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાલનપુર નજીક આવેલા માલણ ગામમાં હારજીતનો જુગાર રમાઈ રહ્યો હોવાની માહિતી મળતાં તાલુકા પી.એસ.આઈ. એ.આર. વાળા તથા હે.કો. છગનલાલ સહિતના સ્ટાફે માલણ ગામના રામજીભાઈ ચેલાભાઈ ઠાકોરના ઘરની નજીક ઓચિંતી રેડ કરતાં જુગાર રમતાં આઠ જુગારી નબીરાઓને જુગાર સાહિત્ય અને રોકડ રકમ રૂ. ૧૮,૭૦૦ તથા મોબાઈલ કિંમત રૂ. ૮,૯૦૦ મળી કુલ રૂ. ૨૭,૬૦૦ ની મતા સાથે ઝડપી લીધા હતા. ઝડપાયેલા જુગારીયાઓ સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આમ, માલણમાંથી જુગાર રમતા આઠ શખ્સોને પોલીસે રેડ કરી દબોચી લેતાં જુગાર રમતા શખ્સોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગામમાં ઠેક-ઠેકાણે જુગાર રમાઈ રહ્યો હોવાની વ્યાપક પ્રમાણમાં રાવ ઉઠવા પામી છે, ત્યારે પોલીસ દ્વારા ગામના અન્ય ઠેકાણાઓ પર ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવે તો હજુ પણ મોટી સંખ્યામાં જુગાર રમતાં શખ્સો ઝડપાઈ જાય તેમ છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦


# મેરવાડા નજીક જીપની ટક્કરે રાહદારીનું મોત

પાલનપુર, તા. ૨૧

પાલનપુર તાલુકાના મેરવાડા ગામના પાટીયા પાસે આજરોજ કુદરતી હાજતે રસ્તા પર ચાલતાં જઈ રહેલ રાહદારીનું જીપગાડીની ટક્કરે મોત થતાં પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. જે બનાવ અંગે સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર નજીક આવેલા મેરવાડા ગામના પાટીયા પાસે જીપગાડીના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની જીપ હંકારી રસ્તામાં કુદરતી હાજતે જવા માટે ચાલતાં જઈ રહેલ રાહદારી ગલાભાઈ દેવાભાઈને પાછળના ભાગે ટક્કર મારતાં તેઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે મહેસાણા લાયન્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેઓનું મોત થતાં પરીવારજનોમાં શોકની કાલીમા પ્રસરી જવા પામી છે. બનાવ અંગે પાલનપુર તાલુકા પોલીસે ભીખાભાઈ ધુળાભાઈ ચૌહાણની ફરીયાદ આધારે જીપગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. આમ, જીપગાડીની ટક્કરે રાહદારીનું મોત થતાં પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.